ગુજરાત પોલીસ ભરતી બોર્ડ

ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની જાહેરાત

ગુજરાત પોલીસ દળમાં વર્ગ-૩ ની નીચે મુજબની લોકરક્ષક તથા ટેકનિકલ કેડરમાં વિવિધ સંવર્ગની કુલ-૩૦૦૦ ખાલી જગ્યાઓ નિયમોનુસાર સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવનાર છે.

(૧) લોકરક્ષક કેડર (LOKRAKSHAK CADRE)

અ.નં.	જાહેરાત ક્રમાંક	સંવર્ગ	ખાલી જગ્યા
૧	GPRB/202627/1	બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UPC)	૧૦૦૦
		હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (APC)	૧૦૦૦
		હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF)	૮૪૧
		કુલઃ	૨૮૪૧*

*** નોંધઃ** ગુજરાત સરકારશ્રી તરફથી લોકરક્ષક કેડરમાં વધારે જગ્યાઓની મંજુરી મળે તો ઉપરોક્ત જગ્યામાં ફેરફાર થવાની શરતે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે.

લોકરક્ષક કેડરની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.

"Have passed the Higher Secondary School Certificate Examination from the Secondary and Higher Secondary Education Board or possess an equivalent qualification recognised as such by the Government"

ટેકનિકલ કેડર (TECHNICAL CADRE)

(૨) હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનીક (ગ્રેડ-૨)

અ.નં.	જાહેરાત ક્રમાંક	સંવર્ગ	ખાલી જગ્યા
૨	GPRB/202627/2	હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનીક (ગ્રેડ-૨) (Head Constable Driver Mechanic-Grade-2)	૧૩૩*

*** નોંધઃ** હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનીક (ગ્રેડ-૨)ની **ઉપરોક્ત જગ્યામાં ફેરફાર થવાની** શક્યતા છે.

હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનીક (ગ્રેડ-૨) ની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.

(i) Have passed the Higher Secondary School Certificate Examination from the Secondary and/or Higher Secondary Education Board or possess an equivalent qualification recognized as such by the Government;

(ii) Possess the Motor Mechanic Vehicle Trade Certificate alongwith one year apprenticeship from any Industrial Institute recognized by the Government or three years apprenticeship certificate in Motor Mechanic Vehicle Trade from the National Apprenticeship Training Scheme;

(૩) મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર (ગ્રેડ-૨)

અ.નં.	જાહેરાત ક્રમાંક	સંવર્ગ	ખાલી જગ્યા
૩	GPRB/202627/3	મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર (ગ્રેડ-૨) (Motor Transport Supervisor Grade-2)	૨૬ *

*** નોંધઃ** મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર (ગ્રેડ-૨)ની **ઉપરોક્ત જગ્યામાં ફેરફાર થવાની** શક્યતા છે.

મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર (ગ્રેડ-૨) ની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.

(i) Have passed the Higher Secondary School Certificate Examination from Secondary and/or Higher Secondary Education Board or possess an equivalent qualification recognized by the Government;

(ii) Possess the Motor Mechanic Vehicle Trade Certificate along with one year apprenticeship from the Industrial Training Institute (ITI) recognized by the Government or three years apprenticeship certificate in Motor Mechanic Vehicle Trade from the National Apprenticeship Training Scheme;

(૪) ઉપર જણાવેલ તમામ સંવર્ગની ખાલી જગ્યાઓની ભરતી અંગેની વિગત https://ojas.gujarat.gov.in વેબસાઇટ તથા ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in ઉપર મુકવામાં આવનાર સુચનાઓમાં દર્શાવવામાં આવશે. જે જોઇ લેવાની રહેશે.

(૫) લોકરક્ષક કેડર અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ (Technical Cadre)ની ભરતી અંગે વિગતવારની તમામ સુચનાઓ (જાહેરાત) https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર **તા.૨૬.૧૧.૨૦૨૬** નારોજ અપલોડ કરવામાં આવનાર છે. આ તમામ સુચનાઓ (જાહેરાત) કાળજીપુર્વક વાંચી નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર (૧) લોકરક્ષક કેડર (Lokrakshak Cadre) (૨) હેડ કોન્સ્ટેબલ ડ્રાયવર મિકેનિક (ગ્રેડ-૨) (Head Constable Driver Mechanic-Grade-2) (૩) મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર (ગ્રેડ-૨)(Motor Transport Supervisor Grade-2) **કેડર માટે અલગ અલગ** ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૬) લોકરક્ષક કેડર અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ (Technical Cadre)ની ઓનલાઇન અરજીઓ **તા.૨૬.૧૧.૨૦૨૬ (બપોરના કલાકઃ ૧૪.૦૦) થી તા.૧૬.૧૨.૨૦૨૬ (રાત્રિના કલાકઃ ૨૩.૫૯)** સુધી OJASની વેબસાઇટ https://ojas.gujarat.gov.in ઉપર સ્વીકારવામાં આવશે.

(૭) ઉમેદવારોએ ઓનલાઇન અરજી કર્યા પછી કન્ફર્મ (CONFIRM) કરીને તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે ભરતી બોર્ડ દ્વારા માંગવામાં આવે ત્યારે તે રજૂ કરવાની રહેશે.

(૮) ઉમેદવારે કોઇપણ સંજોગોમાં ટપાલથી, ઇ-મેઇલથી કે રૂબરૂમાં અરજી પત્રક મોકલવાના રહેશે નહીં તેમજ આવા અરજીપત્રકો સ્વીકારવામાં પણ આવશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૯) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ભરતી બોર્ડ /સરકારશ્રીને સંપૂર્ણ હકક /અધિકાર રહેશે અને ભરતી બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૧૦) ભરતી બોર્ડ /સરકારશ્રી /નામદાર હાઇકોર્ટ / નામદાર સુપ્રીમ કોર્ટ તરફથી વખતો વખત જે નિર્ણય / ચુકાદો આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૧૧) ઉપરોકત ભરતીને લગતી વખતો વખતની સૂચનાઓ ગુજરાત પોલીસ ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in ઉપર જોવાની રહેશે.

sd/-
(નીરજા ગોટરૂ, IPS)
અધ્યક્ષ
અને પોલીસ મહાનિદેશક,
ગુજરાત પોલીસ ભરતી બોર્ડ,
ગાંધીનગર.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૯.૧૧.૨૦૨૬